## ધનસુરા વિદ્યાલયના ભૂતપૂર્વ શિક્ષકનો પરિવાર પૂરમાં તણાયો

### અમરેલીમાં વિનાશક મેઘતાંડવમાં માઁ, દિકરી અને દિકરાનું મોત : શિક્ષકનો દિલ્હી હોવાથી આબાદ બચાવ

મોડાસા, તા. ૧૨

ધનસુરા નવોદય વિદ્યાલયમાં વર્ષો સુધી નોકરી કરી અમરેલી બદલી થતા ડૉ. અનિરૂદ્ધ શર્મા અમરેલી ખાતે નવોદય વિદ્યાલયના કેમ્પસમાં રહેતા હતા. પરિવારમાં પત્ની એક દિકરી અને દિકરો હતો. ડૉ. શર્મા કોઈ કામાર્થે દિલ્હી ગયા ને અમરેલીમાં મેઘતાંડવ શરૂ થયું. ભારે વરસાદ થતાં ધસમસતા પૂર નવોદય વિદ્યાલયમાં ઘુસી ગયા અનેક પરિવાર મુશ્કેલીમાં મુકાયા, કેટલાક પરિવારના ક્વાટર્સમાં પાણી ભરાતા મોતને શરણ થયા. જેમાં ધનસુરા નવોદયના ભૂતપૂર્વ શિક્ષક ડૉ. અનિલરૂદ્ધ શર્માના પરિવારના તેમના પત્ની, પુત્ર, પુત્રી પણ ક્વાટર્સમાં વિનાશક પાણી ઘુસી જતાં તણાઈ જતાં દુઃખદ મોત થયાના સમાચાર ડૉ. શર્માને મળતા તેઓ ઘેરા શોકમાં ડુબી ગયા હતા. તેઓ દિલ્હી હોવાથી તેમનો આબાદ બચાવ થયો હતો. આ સમાચાર ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે મળતા સમગ્ર સ્ટાફમાં ઘેરાશોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

## પ્રાંતિજના રાસલોડ ગામે રાત્રીના કોઈ અજાણ્યા વ્યક્તિઓએ પશુ પર હૂમલો કર્યો

### બે પશુઓને પતરી, કટર, ચાકુ વડે શરીરે ઘા કર્યા : આજુબાજુ પાંચ બોર ઉપરથી પણ પશુઓને છુટા મુક્યા : ગ્રામજનોમાં ભયનો માહોલ

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામે ખેતરમાં બાંધેલા પશુઓ ઉપર તિક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરી ઈજાઓ કરી અન્ય બોર (ખેતરોમાં) બાંધેલા પશુઓ ખીલેથી છુટાં મુકી દેતા લોકોમાં અફવાઓ સાચી અને ડરનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામે ગઈ રાત્રીના ૧૦ થી ૧૧ ના સમયે ખેતરોમાં (બોરકુવા ઉપર) રહેતા અને પટેલ ગીરીશભાઈ શંકરભાઈના કુવા ઉપર ખેતીમાં ભાંગે રહેતા માનસિંહ કાળુસિંહ પરમાર કે જેઓ બોર ઉપર રહે છે અને તેઓ રાત્રીના સમયે રાસલોડ ગામમાં ઘરે આવ્યા હતા તે સમયે પોતાની ઓરડી પાછળ બાંધેલા પશુઓને કોઈ અજાણ્યા લોકો આવી પતરી કે કટર કે ચાલુ વડે અબોલા પશુઓને ઘાયલ કરી બાંધેલા પશુઓને છુટા મુકી તથા બાજુના ચારથી પાંચ બોર ઉપર પણ બાંધેલા પશુઓ છુટા મુકી દેતા રાત્રીના સમયે પશુઓ અને કૂતરાઓનો અવાજ સાંભળી સામેના બોર ઉપર પણ લોકો પણ જાગી જતાં અને તેવોના પશુઓ પણ ખીલે ના જોતાં બુમબરાડા પાડ્યા હતા. બીજા બોર ઉપર ભાગ રાખીને રહેતા પરમાર પ્રહલાદજી કે માનસિંહના ભાઈ છે તેઓએ ગામમાં ઘરે ગયેલ માનસિંહને ફોન કરતાં માનસિંહ અન્ય લોકની સાથે બોર ઉપર દોડી આવ્યા હતા. પશુઓ છુટા હતા અને તે લોહીલુહાણ હાલતમાં હતા જેથી તેઓ રાત્રીના સમયે જ પશુઓને બોર ઉપરથી ઘરે લઈ ગયા હતા અને લોહી બંધ કરવા શરીરે છાણ ચોપડ્યું હતું. જ્યારે સવાર થતાં ડૉક્ટરી સારવાર પણ આપવામાં આવી હતી. અન્ય બોર ઉપર પણ પશુઓ છોડી મુકાતા લોકોમાં ભય ફેલાયો હતો અને તર્કવિતર્કની વાતો અને અફવાઓ સાચી પડી હોવાનું લોકો જણાવી રહ્યા હતા. હાલ તો આ વિસ્તારમાં લોકો રોજરોજની અફવાઓથી તંગ આવી ગયા હતા ત્યારે પશુઓ ઉપર હૂમલાની વાત વાયુ વેગે પ્રસરી જતાં ફરી લોકોમાં ભય જોવા મળ્યો હતો અને માનસિંહના ઘરે ઘટના સાચી છે કે ખોટી તે માટે દોડી આવ્યા હતા.

પોલીસતંત્ર દ્વારા ખરેખર તપાસ થાય તો સાચી ઘટના લોકો સમક્ષ બહાર આવે તો નવાઈ નહી. હાલ તો પોલીસ રાઉન્ડ માત્ર ફોગટ જતાં હોય તેવું જણાઈ આવે છે.

## લેઈ મંદિરમાંથી માતાજીના હારની ચોરી

હિંમતનગર, તા.૧૨

ઈડર તાલુકાના લેઈ (સમલાપુર) ગામે આવેલ નાગણેશ્વરી માતાજીના મંદિરમાંથી શનિવારે અજાણ્યા શખ્સોએ મંદિરનું તાળુ તોડી માતાજીના ગળાનો ચાંદીનો હાર, નેત્ર તથા છત્ર મળી રૂા.૪ હજારની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે લેઈના વિનોદસિંહ શિવસિંહ રાઠોડે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધનસુરાના ગઢીમાતાએ અખંડ રામધૂન

મોડાસા, તા. ૧૨

પવિત્ર અધિક માસમાં ધનસુરા રામજી મંદિર સંચાલિત ગઢીમાતાના મંદિરના પરિસરમાં એક માસ સુધી ૨૪ કલાક અખંડ રામધૂન મહંત પૂરણ શરણદાસજીના આશિર્વાદથી શરૂ થયેલ છે. આ રામધૂનમાં વિવિધ ગામોની ૪૨ જેટલી ભજન મંડળીઓ ભજનકિર્તનની રમઝટ બોલાવે છે. માઈ ભક્તોની ભીડ જામે છે. તમામ માઈભક્તો માટે દાતાઓના સહકારથી ચા નાસ્તો અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## ખેડબ્રહ્માના આગીયા ગામમાં આર.ઓ. પ્લાન્ટ લગાવાયો

ખેડબ્રહ્મા, તા ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં શનિવારના રોજ ગામલોકોને સ્વચ્છ પાણી મળી રહે તે માટે વ્હીલ ફાઉન્ડેશને (યુએસએ)ના ડાયરેકડર રોઈન્કન મહેતા દ્વારા આરઓ પ્લાન માટે દાન આપવામાં આવ્યુ હતું.

આગીયા ગામમાં શનિવારે યોજાયેલ કાર્યક્રમમાં ગામલોકો માટે આરઓ પ્લાન્ટનું ઉદઘાટન કર્યું હતું. આરઓ પ્લાન્ટ કરવામાં ૨ હજાર લીટર સ્વચ્છ પાણી પુરૂ પાડશે જથી ગામલોકોને પાણીની તકલીફ નહી પડે આ ઉપરાંત વ્હીલ ફાઉનડેશન દ્વારા સ્વસ્છતા અભિયાન અંતર્ગત ગામમાં ૧૦૦ શૌચાલય બનાવવાનું પણ જાહેર કર્યું હતું. આ પ્રસંગે તલાટી કમ મંત્રી નલીનભાઈ ગાંધી, સરપંચ ક્ષ્ણાભાઈ અંગારી સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમારંભનું સંચાલન અજીતસિંહ રહેવરે કર્યું હતું.

## અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં વીજ તંત્ર ત્રાટકયું ૧૨૦.લાખનો દંડ વસુલાયો

અરવલ્લી, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં યુજીવીસીએલની ટીમે ૧૦ થી વધુ ગામડાઓમાં ગત ગુરૂવારે દરોડા પાડતાં ઘર વપરાશના ૩૦૦ કનેકશનોની તપાસ હાથ ધરતાં જેમાં ઘરવપરાશના ૯ કનેકશનોની ગેરરીતિ જણાતાં રૂા ૧.૨૦ લાખનો દંડ વસુલ કરાયો હતો. વીજ ચોરી કરનારા લોકોમાં ફફડાટ વ્યાવી ગયો છે. મેઘરજના નાયબ ઈજનેર જી. કે ભાંડા દ્વારા મેઘરજ તાલુકામાં યુ.જી.વીસી.એલ ની જુદી જુદી ૭ ટીમો બનાવી ગત ગુરૂવારના રોજ ઉતરી પડી હતી જેમાં મેઘરજ તાલુકાના બીડી છાપરા રોડ ડચકાં મોટી મોપડી ઢીમડા સહિતના ૧૦થી વધુ ગામોમાં યુજીવીસીએલના કર્મચારીઓ ઓચિંતિ તપાસ કરતાં ગેરરીતિ કરતા લોકોએ નાસભાગ કરી મુકી હતી ધરવપરાસના ૩૦૦ કનેકશનો ગેરરીતિ જણાતાં ૧.૨૦ લાખનો દંડ વસુલ કરાયો હતો આમ ઓચિંતિ તપાસને લઈને ચોરી કરનારા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## આજે કોડીયાવાડા સરપંચની પેટાચૂંટણીનું મતદાન

વિજયનગર તાલુકાની કોડીયાવાડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચનું હદયરોગના હુમલામાં મોત નિપજયુ હતું. જેમની જગ્યા ખાલી પડતા રવિવારે સરપંચની પેટા ચૂંટણીનું મતદાન યોજાશે. જેમાં ઉભેલા બે ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થશે. વિજયનગર તાલુકાની કોડીયાવાડા ગ્રામ પંચાયતના સરપંચ રામજીભાઈ થાવરાજી ડામોરનું ગત મહિને હદયરોગના હુમલામાં કરૂણ મોત નિપજયુ હતું. જે કારણે કોડીયાવાડા સરપંચની જગ્યા ખાલી પડતા વહીવટી તંત્રએ પેટા ચૂંટણીનું જાહેરનામુ બહાર પાડી તા.૧૨/૭/૧૫ને રવિવારે મતદાન કરવા જાહેર કર્યુ હતું.

## મોડાસા નજીકના રાજેન્દ્રનગરના રેલવે ફાટકના ડાયવર્ઝનનો રસ્તો બિસ્માર : પ્રજાજનોમાં રોષ

મોડાસા, તા. ૧૨

મોડાસાની નજીક અને હિંમતનગર-શામળાજી હાઈવે પર રાજેન્દ્રનગર ચોકડીથી રાજેન્દ્રનગર ગામ અને અન્ય બે ગામોને જોડતા ગ્રામ્ય માર્ગ પર આવેલા રેલવે ફાટકને કાઢી નાખીને અંડરબ્રીજ બનાવવાનો હોવાથી હાલ ડાયવર્ઝન અપાયેલ છે. આ ડાયવર્ઝન વાળા માર્ગ પર માટીના ઢગલાઓ ખડકાયેલા હોવાથી અને રસ્તો ઉબડખાબડ બની જતાં પ્રજાજનો માટે આ માર્ગ રીતસર દોઝખ બની જવા પામ્યો છે. ડાયવર્ઝનની હાડમારીથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

રાજેન્દ્રનગર ગામને જોડતા માર્ગ પર ચોકડીથી થોડેક દૂર રેલવે પસાર થતી હોઈ ત્યાં રેલ ફાટક મુકેલ હતુ પરંતુ રેલસત્તાવાળાઓ દ્વારા આ ફાટક કાયમી ધોરણે દૂર કરી ત્યાં અંડરબ્રિજ બનાવવાનું કામ શરૂ કરાયુંછે. આ કામ સાવ ગોકળગાય ગતિએ ચાલી રહ્યુંછે. આ કામને લઈને બાજુમાં કામચલાઉ ડાયવર્ઝન અપાયું છે. પરંતુ આ ડાયવર્ઝન પર સતત વાહનો પસાર થતા હોઈ માર્ગ ખાડા ટેકરાવાળો બની જઈ સાવ ઉબડ-ખાબડ બની જવા પામ્યો



(તસવીર : જય અમીન, મોડાસા)

છે. વળી, હાલ જે કામ ચાલી રહ્યુ છે ત્યાં પણ રાત્રે કોઈ લાઈટ કે તેવી વ્યવસ્થા ન હોઈ અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. ડાયવર્ઝનમાં ચીકણી માટી પુરાતા કાદવ-કિચડ વાળો માર્ગ નિર્માણ પામતાં વાહનચાલકોને વાહન પસાર કરવામાં હાલાકી ભોગવવી પડે છે. વળી ગામમાં કોઈ બિમાર હોય કે કોઈ સગર્ભા સ્ત્રી હોય તો તેને સારવાર અર્થે લઈ જતા કદાચ તેની હાલત અહી ડાયવર્ઝન પસાર કરતા જ જોવા જેવી થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આ અંગે રેલવે સત્તાવાળાઓને વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. હાલ આ કામ બંધ હોઈ કોઈ ફરકતુ પણ નથી જેથી પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. અને આ ડાયવર્ઝન સત્વરે વ્યવસ્થિત તૈયાર કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

### બંદોબસ્ત સંભાળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રથયાત્રા નીકળશે જેને ધ્યાને રાખીને સ્થાનિક પોલીસને બંદોબસ્તમાં તૈનાત રાખવામાં આવશે. હાજર પોલીસ સ્ટાફના ૭૫ ટકા પોલીસને બંદોબસ્તમાં રખાશે. કલોલ, માણસા રથયાત્રાના બંદોબસ્તનું કલોલ ડીવીઝનના ડીવાયએસપી અને ગાંધીનગર, સાદરા, દહેગામ, પેથાપુર રથયાત્રાનું ગાંધીનગર ડીવીઝન ડીવાયએસપી સુપરવિઝન કરશે. એલસીબી અને એસઓજીની ટીમો પણ બંદોબસ્તમાં રહેશે.

જિલ્લાનો તમામ રથયાત્રા બંદોબસ્તનું સુપરવિઝન જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંગ યાદવ કરશે. રમઝાન ઈદ અને રથયાત્રા એક જ દિવસે હોવાથી આ દિવસે કોઈ અસામાજીક તત્વો કોમી એકતાના વાતાવણને ડહોળે નહી તેની ખાસ તકેદારી રાખવા પોલીસને સુચના આપી દેવામાં આવી છે. તે માટે કેટલાક ગુનેગાર વોન્ટેડ તત્વોના અટકાયતી પગલા કામગીરી શરૂ કરી દેવાઈ છે.

### હું જાતે જ મારી પ્રેરણા... ● બીજા પાનાનું ચાલુ

પરફોર્મન્સ કરવામાં આવેલા વિનોદ ઠાકુરે વિકલાંગો માટે સંદેશ આપતા જણાવ્યું હતું કે ક્યારેય પોતાની જાતને વિકલાંગ ના સમજો પરંતુ વિચારો કે ભગવાને ફક્ત તમારા શરીરની ડીઝાઈન ચેન્જ કરી છે તમને અપંગ નથી બનાવ્યા. તો આ છે વિનોદ ઠાકુરની કેફિયત. સલામ છે આવા જાંબાઝને જેમણે વિકલાંગતાને મ્હાત કરી લાખો યુવાનોને જીવન જુસ્સાથી જીવવા પ્રેરત કર્યા છે. તેમને જોવા ગાંધીનગરાઓએ ભારે ભીડ જમાવી હતી અને વિનોદ ઠાકુરે અદ્દ્ભુત ડાન્સ કરી તમામને મોહિત કરી દીધા હતા.

### ભવ્ય રથયાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેશભૂષામાં સજ્જ બાળકો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી અશ્વસવારો પણ મોટી સંખ્યામાં ભાગ લેશે. ૧૫થી વધુ અશ્વસવારો રથયાત્રામાં જોડાશે. જ્યારે ઉદેપુરથી આવેલા ગજરાજ પણ જગન્નાથજીની રથયાત્રામાં ભાગ લેશે. રથયાત્રાનું જીવંત પ્રસારણ ગત વર્ષની જેમ વેબસાઈટ પર કરવામાં આવશે.

જયરણછોડ...

માખણચોરના જયઘોષ સાથે ધાર્મિક સ્થાનો, સેક્ટરોના સોપિંગો તેમજ સ્થાનિક વસાહતોમાં રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રથયાત્રાને અનુલક્ષી ભાવિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. રથયાત્રાના સ્વાગત માટે સેક્ટરોમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રથયાત્રા દરમિયાન શાંતિ અને આનંદનું વાતાવરણ જળવાઈ રહે તે માટે સલામતી વ્યવસ્થાનું પણ આયોજન કરી દેવાયું છે. રથયાત્રા દરમિયાન બપોરે જલારામ મંદિર ખાતે ભગવાનના મોસાણમાં ભાવિકોને ખીચડી મોહનથાળનો પ્રસાદ પીરસવામાં આવશે. જ્યાં ૪ હજાર જેટલા ભાવિકો પ્રસાદનો લાભ લેશે.

## શબ્દાવલી - ૫૭૮૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ |
| | ■ | | ■ | ૫ | | ■ | |
| ૬ | ૭ | ■ | ૮ | ■ | ૯ | ૧૦ | |
| ૧૧ | | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ■ | |
| ૨૩ | | | ■ | ૨૪ | | | |

### આડી ચાવી

૧. બગડી જવું (૪)
૩. ઇચ્છા, મહત્ત્વકાંક્ષા (૩)
૫. રૂપાળા, ધોળા (૨)
૬. આભાસ થવો (૨)
૯. ધરાહાર, પરાણે (૩)
૧૧. ગીચડમમાં, એકદમ બરચક (૪)
૧૩. ફેંક, જવા દે, ઘા કર (૨)
૧૪. સીધુ, વળેલું નહિં તેવું (૩)
૧૫. શ્રીરામના ધર્મપત્ની, જાનકી (૨)
૧૮. 'પરત' શબ્દ આડોઅવળો (૩)
૧૯. સિંહની ગરદન પરના વાળ (૩)
૨૦. નશીબ, ભાગ્ય (૨)
૨૩. ધારદાર ભેખડ (૩)
૨૪. ફૂલોનો બાગ કે વાડી (૪)

### ઊભી ચાવી

૧. મહાભાગ્યશાળી (૪)
૨. એક વાદ્ય, ડફલી (૨)
૩. દેવને પ્રસનન કરવા કરાતી સ્તુતિ-પૂજા (૪)
૪. શોભા માટે ટંગાતો સુશોભિત કાચના લોલકવાળો દીવો (૩)
૭. અચૂક, નિષ્ફળ ન જાય તેવું (૩)
૮. પરચૂરણ, કચરા જેવું નકામું (૫)
૧૦. કુતરીયા દાંત, રાખસી દાંત (૪)
૧૨. એક વાદ્ય (૩)
૧૬. તાડના વૃક્ષનું ફળ (૪)
૧૭. મોટા પાનની એક ભાજી (૩)
૨૧. કમર, તોડ (૨)
૨૨. ચામડુ, ચામડી (૨)

### શબ્દાવલી ૫૭૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) સઠેકડુ (૩) સીમાડો (૬) રસ (૭) ટસલ (૮) વેરાન (૧૧) ટટળાવવું (૧૩) લાફી (૧૫) હાશ (૧૬) જાપટ (૧૭) ઉર (૧૮) ખાતર (૧૯) નિભાડો (૨૧) વાત (૨૩) સાજન (૨૪) નાહક

**ઊભી ચાવી :-** (૧) સરકીટ હાઉસ (૨) ઠેસ (૩) સીટ (૪) માસ (૫) નવુ (૧૨) ટશર (૧૩) લાપરવાહ (૧૪) ફીટ (૧૬) જાત (૧૮) ખાડો (૧૯) નિજ (૨૦) ભાન (૨૨) તક

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબદબો રહ્યો છે. એવું નોંધાયું છે કે ૪૭ વર્ષોમાં આ રાજયએ ભારતને આઠ પ્રાઈમ મિનિસ્ટર આપ્યા છે. આ દેશના પહેલા પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ આ સ્ટેટમાંથી પ્રતિનિધિત્વ કરતા હતા. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, અટલ બિહારી વાજપેયી, લાલબહાદુર શાસ્ત્રી, વી.પી.સિંહ, ચંન્દ્રશેખર અને ચરણસિંહનો પણ તેમાં સમાવેશ થાય છે. એકમાત્ર મોરારજી દેસાઇ ગુજરાતના કહી શકાય છે. ૨૦૧૫ની સાલ છે. નરેન્દ્ર મોદી ગુજરાતના બીજા એવા નેતા છે કે જેઓ રાષ્ટ્રીય ફલક ઉપર ટોપમોસ્ટ પોસ્ટ ઉપર બેઠાં છે. તેમના પીએમ થવાથી દિલ્હીમાં ગુજરાતનો દબદબો છવાયો છે. ગુજરાતના ટોપમોસ્ટ ૨૪ થી વધારે ઓફિસરો પીએમઓ અને કેન્દ્રના અન્ય વિભાગોમાં ઉંચી પદવી ઉપર છે. ગુજરાતના ચીફ મિનિસ્ટર થી લઈને મિનિસ્ટર્સ તેમજ આઈએએસ ઓફિસરોના માનપાન વધ્યા છે. કેન્દ્રીય પ્રધાનો કે જેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે તેમની શાખ વધી છે...

**ચાર ચહેરા ઉતર્યા, ચાર નવા ઉભર્યા ...**

ભારતની મુખ્ય પાર્ટી ભાજપમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીનો એક જમાનો હતો. પાર્ટીમાં તેમનો પડ્યો બોલ ઝિલાતો હતો. આજે અટલ બિહારી પથારીવશ છે અને અડવાણીનો કોઈ ભાવ પૂછાતો નથી. ભાજપના બીજા બે નેતા મુરલી મનોહર જોષી અને યશવંતસિંહા છે, જે સિનિયર મોસ્ટ છે પણ સાઈડલાઈન છે. આજે આ સ્થાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાજનાથસિંહ અને અરૂણ જેટલીએ લીધું છે. સિનિયર મોસ્ટ મહિલા નેતા સુષ્મા સ્વરાજ, રાજસ્થાનના સીએમ વસુંધરા રાજે અને મધ્યપ્રદેશના સીએમ શિવરાજસિંહ ચૌહાણ વિવાદોમાં ફસાયા છે. પાર્ટીના જૂના જોગી શત્રુધ્નસિંહા અને વિનોદ ખન્નાનો ભાવ પૂછાતો નથી. આ બધું શું ચાલી રહ્યું છે તે પાર્ટીના કાર્યકર્તાઓને વધારે સંવેદનશીલ બનાવે છે...

**મોદી પ્રેમ રાખશો તો ટીકીટ નહીં મળે ...**

ભારતમાં એક સમય હતો કે ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીની જાહેર સભાનું આયોજન ગમે ત્યાં થતું ત્યાં તેમને સાંભળવા માટે બુદ્ધિજીવીઓ, પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓ તો આવતા હતા પરંતુ ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે કોંગ્રેસના નેતાઓ પણ તેમનું પ્રવચન સાંભળવા જતા હતા. વાજપેયીની વક્તવ્ય સ્ટાઈલ જરા હટકે હતી. આજે જમાનો નરેન્દ્ર મોદીનો છે. તેમની સ્ટાઈલ બિલકુલ અલગ પ્રકારની છે. જો કે બન્ને વચ્ચે વક્તત્વમાં ખૂબ મોટું અંતર છે. વાજપેયી વિરોધીઓ ઉપર પ્રેમથી પ્રહાર કરતા હતા, જયારે મોદી સીધો એટેક કરે છે. કોંગ્રેસ માટે કડવા વેણ છતાં કોંગ્રેસના નેતાઓમાં મોદીના ફેન વધતા જાય છે, પરંતુ ગુજરાત કોંગ્રેસના નવા સુપ્રિમો ભરતસિંહ સોલંકીએ તેમના કાર્યકર્તાઓ અને નેતાઓને ચેતવણી આપતાં કહ્યું છે કે ખબરદાર, મોદી કે ભાજપ સરકારના વખાણ કર્યા છે તો...!! પાર્ટી ભવિષ્યમાં ટીકીટ આપતા વિચાર કરશે...

**સરકાર વોટ્સએપ પર વ્યસ્ત બની ચૂકી છે...**

નરેન્દ્ર મોદીની જેમ આનંદીબેન પટેલ પણ સોશયલ સાઈટમાં વ્યસ્ત બની રહ્યાં છે. ફેસબુક અપડેટ્સ અને ટ્વિટર એકાઉન્ટ ઉપર તેમની સાયબર ટીમ છવાયેલી રહે છે. સીએમની જેમ કેબિનેટ મિનિસ્ટર પણ સોશ્યલ સાઈટ્સ સાથે સીધા જોડાયેલા છે. આજે ભાજપના ૭૫ ટકા ધારાસભ્યો ફેસબુક અને વોટ્સઅપ એકાઉન્ટ ધરાવે છે. સોશ્યલ મિડીયાનો આ એક અદ્દભૂત પ્રભાવ છે. જો કે ચીફ મિનિસ્ટર જેટલા ટ્વિટર પર એક્ટિવ છે તેટલા તેમના મિનિસ્ટર્સ નથી. મિનિસ્ટર માત્ર વોટ્સએપ પર વ્યસ્ત બન્યા છે. મિનિસ્ટરની જેમ બ્યુરોક્રેસી પણ વોટ્સએપના સહારે છે. મોટાભાગના આઈએએસ અને જીએએસ ઓફિસરો પાસે સોશ્યલ સાઈટનું આ સાધન તેમના સ્માર્ટફોનમાં અવેલેબલ છે. નાનામોટા તમામ કર્મચારીઓ આજે વોટ્સએપ પર બિઝી બનેલા છે...

**CMની નજીક કોણ છે?! એક સવાલ ...**

ગુજરાત સરકારમાં નંબર ટુ ની દોડમાં બે મિનિસ્ટર ફીટ થાય છે. એક છે નિતીન પટેલ અને બીજા છે સૌરભ પટેલ. આ કોમ્બિનેશન જોઈને સચિવાલયમાં એક બિલ્ડર મિત્રએ એવી કોમેન્ટ કરી હતી કે રાજયમાં ફરી પાટીદારોનો વટ પડ્યો છે, જે પહેલાં ૧૯૯૫માં હતો. કેશુભાઈ પટેલને પાર્ટીએ સીએમ બનાવતા ગુજરાતમાં સામાન્ય છાપ એવી હતી કે ભાજપ એ પટેલોની પાર્ટી છે. આજે પણ શાસનમાં પાટીદારો છે. આનંદીબેન પટેલ વિદેશની ટૂર ઉપર ગયા હતા ત્યારે તેમનો કાર્યકારી ચીફ મિનિસ્ટરનો હવાલો નિતીન પટેલને આપ્યો ત્યારે એવું લાગ્યું કે સૌરભ પટેલ બીજાસ્થાને ખસી ગયા છે. ત્રીજા સ્થાને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા આવે છે. જો કે ચીફ મિનિસ્ટરની વધુ નજીક હોવાની છાપ ઉપસાવી છે તેવા બે નામ વિજય રૂપાણી અને શંકર ચૌધરીના કહી શકાય તેવા છે...

**ગુજરાતમાં મહિલારાજ નો પ્રારંભ ...**

ગુજરાતમાં ધીમે પગલે મહિલા રાજનો પ્રારંભ થયો છે. ચીફ મિનિસ્ટર પછી હવે ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સરપંચ અને પ્રમુખપદે ૫૦ ટકા જેટલી મહિલાઓ શાસન કરતી થશે, કારણ કે રાજયના ચૂંટણી પંચે ૫૦ ટકા મહિલા અનામત બેઠકો નક્કી કરી દીધી છે. ગુજરાતની નારી હવે પુરૂષ સમોવડી બની છે તેવું કહી શકાય તેમ છે. તત્કાલિન મોદી સરકારે છેલ્લી ત્રણ ચૂંટણીમાં જ્ઞાતિકાર્ડની જગ્યાએ વુમન એન્ડ યંગ વોટર્સ કાર્ડ વાપરતાં તેમને ધારી સફળતા મળી હતી. મોદી આ કાર્ડમાં સફળ એટલા માટે થયા કે તેમણે મહિલાઓ અને યુવાનોને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી અને તેમના પ્રત્યેક ભાષણમાં તેઓ આ યુતિનો પ્રયોગ કરતા હતા. હવે તેનો સીધો લાભ આનંદીબેન પટેલને થઈ રહ્યો છે...

**આખું ગુજરાત વાઇફાઇ ક્યારે થશે...**

બેંગ્લોર સિટી વાઈફાઈ બની ચૂક્યું છે. આ શહેરના તમામ જાહેર સ્થળોએ સરકારે ઈન્ટરનેટ ફ્રી કરી દીધું છે. લોકો ઘરની બહાર નિકળીને મફતમાં ઈન્ટરનેટનો યુઝ કરી શકે છે. આ સુવિધા માત્ર છ મહિનાના ટૂંકાગાળામાં કરી દેવામાં આવી છે. બેંગ્લોર પછી દિલ્હીએ શરૂઆત કરી છે હવે મુંબઈ પણ આ જ રસ્તે આગળ છે. એકમાત્ર આપણે એટલા બધાં પછાત છીએ કે આપણાં ચાર શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતને સંપૂર્ણ વાઈફાઈથી સજ્જ બનાવી શક્યા નથી. ગુજરાત સરકારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં લોકોને વાયદો કર્યો હતો કે ગુજરાત આખું વાઈફાઈ કરી દેવામાં આવશે. આ વચન આપ્યા પછી આજે ત્રીજું વર્ષ ચાલે છે છતાં કોઈ અણસાર જોવા મળતો નથી. સરકારે વાઈફાઈ સુવિધા જયાં જયાં આપી છે ત્યાં કનેક્ટિવિટીની પ્રોબ્લેમ શરૂ થયા છે, કારણ કે સુવિધા પછીની સર્વિસ અવેલેબલ બનાવી નથી...

**અમદાવાદને મિની ડિઝનીલેન્ડ મળશે ...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સાયન્સ સિટી હોત તો આજે ગાંધીનગરની જનતાને મીની ડિઝનીલેન્ડનો લાભ મળી શક્યો હોત, પરંતુ હવે તે લાભ અમદાવાદને ફાળે ગયો છે, કારણ કે સાયન્સ સિટીની પાસે અમદાવાદમાં મીની ડિઝનીલેન્ડ આકાર પામી રહ્યું છે. મેડિસિટી તરીકે પ્રખ્યાત અમદાવાદ ગુજરાતનું એન્ટરટેઈનમેન્ટ સિટી કહેવાશે. ગુજરાત પ્રવાસન નિગમે ડિઝનીલેન્ડ ઉભું કરવા માટે મંજૂરી આપી દીધી છે. મુંબઈ બેઈઝ એડલેબ્સ અને વિઠ્ઠલ કામઠ પ્રમોટેડ ઓરચાઈલ્ડ ગ્રુપ ૧૦૦૦ કરોડનું મૂડીરોકાણ આ પાર્કમાં કરવા માગે છે. આ પાર્કને ડિઝનીલેન્ડ જેવું બનાવવાનું છે. આ થીમ પાર્ક માટે સાયન્સ સિટી પાસે ૫૦ એકર જગ્યા નિયત કરવામાં આવી છે. આ જમીન હાલ ખાલી છે અને સાયન્સ એન્ડ ટેકનોલોજીની અંડરમાં આવે છે...

**અચ્છે દિન કોંગ્રેસ મેં ભી આ સકતે હૈ...**

છેલ્લે ૧૯૮૫ની ચૂંટણીમાં કોંગ્રેસનો ગુજરાતમાં દબદબો હતો, ત્યારબાદ ૧૯૯૦માં કોંગ્રેસ અને જનતાદળની ગઠબંધનની સરકાર સત્તામાં આવી હતી. આ ગઠબંધન અઢી વર્ષના સમયગાળા સુધી રહ્યું અને ૧૯૯૫ પછી સતત ૨૦ વર્ષથી કોંગ્રેસે ગુજરાતના મતદારોનો વિશ્વાસ ખોયો છે. આ વિશ્વાસને પાછો લાવવો હોય તો મોદી જેવી સ્ટેટેજી અપનાવવી પડે, કોંગ્રેસે ખખડધજ નેતાઓ કે જેઓ ચૂંટણી આવતા દાવેદારો બની જાય છે તેમને એવોઈડ કરીને નવયુવાનો ખાસ કરીને યુવાનો અને મહિલાઓને ચૂંટણી લડાવવી પડશે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચૂંટણીની મોસમ આવી રહી છે ત્યારે કોંગ્રેસના પ્રદેશ સુપ્રિમો ભરતસિંહ સોલંકી એ દિશામાં આગળ વધ્યા છે. તેમનું આ પગલું સાચી દિશાનું છે પરંતુ ખખડી ગયેલા નેતાઓ નડે નહીં તો કોંગ્રેસને આ વખતે ફાયદો ચોક્કસ દેખાઈ રહ્યો છે...

**એક વોભી ક્યા દિન થે, લોકો સુખી હતા ...**

દિલ્હીમાં બેસીને ગુજરાતનું કામ કરનારા રાજકીય નેતાઓમાં પ્રથમ ગણના મોરારજી દેસાઈની કરવી પડે, કારણ કે રસ્તે ચાલતો સામાજીક કાર્યકર અને સુધારાવાદી વ્યક્તિ દેશની સુપ્રિમ પોસ્ટ ઉપર પહોંચી ચૂક્યો હતો. ગાંધીજીના રસ્તે ચાલીને મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલી ગુજરાત વિદ્યાપીઠના તેઓ કુલપતિ હતા. તેમના વડાપ્રધાનના કાર્યકાળ દરમ્યાન પણ તેઓ વિદ્યાપીઠની મુલાકાત લેતા હતા અને ઓક્ટોબર મહિનામાં તેમાં જ નિવાસ કરતા હતા. મોરારજી દેસાઈનું જીવન અત્યંત સાદાઈપૂર્ણ હતું. લોકોને જાતે જ પોસ્ટકાર્ડ લખતા હતા. મોરારજી દેસાઈએ તેમના કાર્યકાળ (૧૯૭૭-૭૯) માં જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી હતી. જે ખાંડ રેશનીંગની દુકાનમાં વેચાતી હતી તેના કરતાં પણ સસ્તી ખાંડ બજારમાં ઉપલબ્ધ કરાવતાં આ દુકાનોને તાળા મારવાનો સમય આવ્યો હતો. આ એક સમય હતો જયારે લોકો ખૂબ સુખી હતા...